

# ICE SPECIAL ARTICLE

## રાષ્ટ્રપતિની ચૂંટણી માટેનું પરિણામ જાહેર, શ્રીમતી દ્રૌપદી મુર્મૂ નવા રાષ્ટ્રપતિ

- રાષ્ટ્રપતિ પદનું પરિણામ જાહેર થઈ ચૂક્યું છે.
- આ ચૂંટણીમાં કુલ 4800 લોકોએ મતદાન કરવાનું હતું અને કેન્દ્ર શાસિસ પ્રદેશ પુડુચેરીમાં મતદાન 100 રહ્યું.
- આ ચૂંટણીમાં ભાજપ નેતૃત્વવાળા એનડીએ ગઠબંધને આદિવાસી નેતા શ્રીમતી દ્રૌપદી મુર્મૂને પોતાનાં ઉમેદવાર બનાવ્યાં હતા.
- ત્યારે વિપક્ષે ભાજપના પૂર્વ નેતા શ્રી યશવન્ત સિન્હાને ઉમેદવાર બનાવ્યા હતા.
- આ ચૂંટણીમાં શ્રીમતી દ્રૌપદી મુર્મૂ આગળ રહ્યા કારણ કે તેમને NDAની સાથે વિપક્ષનાં દળોનું સમર્થન મળ્યું.
- રાષ્ટ્રપતિની ચૂંટણીમાં સંસદનાં બંને ગૃહ, રાજ્યોની વિધાનસભાઓ, કેન્દ્રશાસિત પ્રદેશોના ચૂંટાયેલા સભ્યોએ મતદાન કર્યું હતું.
- રાષ્ટ્રપતિની ચૂંટણીમાં અત્યાર સુધી સામાન્ય રીતે શાસક પક્ષનું પલ્લું ભારે રહેતું હોય છે. આ વખતની ચૂંટણીમાં વિપક્ષનાં કેટલાંય દળોએ શ્રીમતી દ્રૌપદી મુર્મૂને સમર્થન આપવાની જાહેરાત કરી હતી.
- શ્રીમતી દ્રૌપદી મુર્મૂ ભારતનાં પ્રથમ આદિવાસી રાષ્ટ્રપતિ છે. સાથે જ તેઓ દેશનાં બીજા મહિલા રાષ્ટ્રપતિ છે.
- 6 ઓગસ્ટે ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી યોજાશે. તેના માટે NDA તરફથી પશ્ચિમ બંગાળના રાજ્યપાલ શ્રી જગદીપ ધનખડને ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. જ્યારે વિપક્ષે શ્રીમતી માર્ગરેટ અલ્વાને ઉપરાષ્ટ્રપતિપદના ઉમેદવાર બનાવ્યાં છે.
- આ આર્ટીકલમાં જાણો કે ભારતના રાષ્ટ્રપતિની ચૂંટણી કેવી રીતે થાય છે?

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 1. રાષ્ટ્રપતિની ચૂંટણી માટેની શી પ્રક્રિયા હોય છે?

- રાષ્ટ્રપતિની ચૂંટણી ઈલેક્ટરોલ કૉલેજ દ્વારા કરવામાં આવે છે. લોકસભા અને રાજ્યસભાના ચૂંટાયેલા સભ્યો આ ઈલેક્ટરોલ કૉલેજના સભ્યો હોય છે અને એ ઉપરાંત બધી વિધાનસભાના ચૂંટાયેલા સભ્યો પણ.
- વિધાન પરિષદના સભ્યો એના સભ્ય નથી હોતા. લોકસભા અને રાજ્યસભાના નામાંકિત સભ્યો પણ એના સભ્ય નથી હોતા.
- પરંતુ આ બધાના મતોનું મૂલ્ય જુદું જુદું હોય છે. લોકસભા અને રાજ્યસભાના મતનું મૂલ્ય એક હોય છે અને વિધાનસભાના સભ્યોનું અલગ હોય છે. તે રાજ્યની વસ્તીના આધારે નક્કી થાય છે.
- આ ચૂંટણીમાં મશીનનો ઉપયોગ નથી થતો.

## 2. શું રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ટાઈ પડે છે? અને એવું થાય તો ચૂંટણી કઈ રીતે થાય છે?

- બંધારણના ઘડવૈયાઓએ ટાઈ પડવા–વિષયક વિચાર નહોતો કર્યો, તેથી એના વિશે ઉલ્લેખ નથી. રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીની બાબતમાં 1952નો જે કાયદો છે એમાં પણ એનો ઉલ્લેખ નથી. આજ સુધીમાં આવી સ્થિતિ ક્યારેય ઊભી નથી થઈ અને ઊભી થવાની સંભાવના પણ નથી દેખાતી.

## 3. રાષ્ટ્રપતિનો કાર્યકાળ પૂરો થયા પછી શું એમનું રાજકીય જીવન સમાપ્ત થઈ જાય છે? શું પછી તેઓ ચૂંટણી નથી લડી શકતા?

- બંધારણમાં સ્પષ્ટ જોગવાઈ છે કે રાષ્ટ્રપતિનો કાર્યકાળ સમાપ્ત થયા પછી ફરીથી રાષ્ટ્રપતિના પદ માટેની ચૂંટણી લડી શકાય છે. રાજકીય જીવન સમાપ્ત થવાનો તો કોઈ સવાલ જ ઊભો નથી થતો. તેઓ ઈચ્છે તો કોઈ પણ પ્રકારનું રાજકીય જીવન જીવી શકે છે. પરંતુ દેશના સર્વોચ્ચ પદ પર રહ્યા પછી, સ્વાભાવિક છે કે તેઓ સાંસદ કે ધારાસભ્ય કે રાજ્યપાલ બનવાનું પસંદ નહીં કરે. કેમ કે આ બધાં તો રાષ્ટ્રપતિ કરતાં નીચાં પદ છે.

## 4. ભારતમાં જ્યારે બધા અધિકારો વડા પ્રધાન પાસે હોય છે તો રાષ્ટ્રપતિપદનું શું મહત્ત્વ છે?

- એવું નથી કે બધી સત્તા વડા પ્રધાનની પાસે રહે છે. સૌનાં પોતપોતાનાં ક્ષેત્ર છે. સમગ્ર કાર્યપાલિકાની શક્તિ રાષ્ટ્રપતિના હાથમાં હોય છે. રાષ્ટ્રપતિ પ્રત્યક્ષ રીતે કે પછી પોતાને અધીન રહેલા અધિકારીઓના માધ્યમથી એનો ઉપયોગ કરી શકે છે.
- રાષ્ટ્રપતિની મુખ્ય જવાબદારી વડા પ્રધાનની નિમણૂક કરવાની અને બંધારણનું રક્ષણ કરવાની છે. આ કામ ઘણી વાર તેઓ પોતાના વિવેકથી નક્કી કરે છે. કોઈ પણ બિલ એમની મંજૂરી વિના પાસ નથી થઈ શકતું. તેઓ મની બિલને બાદ કરતાં બાકીનાં બધાં બિલ અંગે પુનર્વિચાર માટે પાછું મોકલી શકે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 5. રાષ્ટ્રપતિની ચૂંટણી કોણ લડી શકે છે અને એ વ્યક્તિની યોગ્યતા અને ઉંમર કેટલાં હોવાં જોઈએ? રાષ્ટ્રપતિનાં કર્તવ્ય અને અધિકાર શાં છે?

- ભારતના નાગરિક હોવા જોઈએ. ઓછામાં ઓછી 35 વર્ષની ઉંમર હોવી જોઈએ. લોકસભાના સભ્ય થવાની પાત્રતા હોવી જોઈએ. ઈલેક્ટરોલ કૉલેજના સભ્યોમાંથી 50 પ્રસ્તાવક અને 50 સમર્થન આપનારા હોવા જોઈએ.
- રાષ્ટ્રપતિનું મૂળ કર્તવ્ય સંઘની કાર્યકારી શક્તિઓનું નિર્વહન કરવાનું છે. સેનાના પ્રમુખોની નિમણૂક પણ તેઓ કરે છે.

## 6. રાષ્ટ્રપતિને પદ પરથી કઈ રીતે હટાવી શકાય?

- મહાભિયોગ દ્વારા રાષ્ટ્રપતિને એમના પદ પરથી હટાવી શકાય છે.
- તેના માટે લોકસભા અને રાજ્યસભાના સભ્યોને 14 દિવસની નોટિસ આપવાની હોય છે. એના પર ઓછામાં ઓછા એક ચતુર્થાંશ સભ્યોની સહી થવી જરૂરી હોય છે. પછી ગૃહ એના પર વિચાર કરે છે. જો બે તૃતીયાંશ સભ્ય એને માની લે તો પછી તે બીજા ગૃહમાં જશે. બીજું ગૃહ એની તપાસ કરશે અને ત્યાર બાદ બે તૃતીયાંશ સમર્થનથી તે પણ પાસ કરી દેવાય તો પછી રાષ્ટ્રપતિને પદ પરથી દૂર થયેલા માનવામાં આવશે.

## 7. શું બે જ ઉમેદવાર ઉભા રહે છે કે વધારે ઉમેદવાર પણ હોઈ શકે?

- બેથી વધારે ઉમેદવાર પણ હોઈ શકે છે. જોકે એમાં એક શરત છે કે 50 પ્રસ્તાવક અને 50 સમર્થન કરનારા હોવા જોઈએ.

## 8. રાષ્ટ્રપતિ ક્ષમાદાનના પોતાના અધિકારનો ઉપયોગ પોતાના વિવેકના આધારે કરે છે કે મંત્રીપરિષદની સલાહના આધારે?

- રાષ્ટ્રપતિ ક્ષમાદાનના અધિકારનો ઉપયોગ મંત્રીપરિષદની સલાહના આધારે જ કરે છે, પરંતુ મંત્રીપરિષદે રાષ્ટ્રપતિને શી સલાહ આપી છે, તે અદાલતમાં પૂછી શકાતું નથી.

## 9. સિંગલ ટ્રાન્સફરેબલ વોટિંગ એટલે શું?

- એમાં જોગવાઈ એવી છે કે રાષ્ટ્રપતિની ચૂંટણીમાં પ્રમાણસરનું પ્રતિનિધિત્વ સિંગલ ટ્રાન્સફરેબલ વોટ હશે. બંધારણના નિર્માણ વખતે આ એક પણ મિટિંગ વગર પાસ થઈ ગયો હતો. પરંતુ પ્રશ્ન એ ઊભો થાય છે કે એક કરતાં વધારે સીટો માટે જો ચૂંટણી થઈ રહી હોય તો પ્રમાણસરના પ્રતિનિધિત્વનો મુદ્દો ઊભો થાય છે, એક પદ માટે નહીં.

## 10. શું અત્યાર સુધીમાં રાષ્ટ્રપતિની કોઈ ચૂંટણી વિના વિરોધે થઈ છે?

- નીલમ સંજીવ રેડ્ડી એક એવા રાષ્ટ્રપતિ બન્યા હતા જેમને વિના વિરોધે ચૂંટવામાં આવ્યા હતા અને ડૉક્ટર રાજેન્દ્ર પ્રસાદ એકલા એવા રાષ્ટ્રપતિ હતા જેમને બે વાર ચૂંટવામાં આવ્યા.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નવનિયુક્ત રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મૂ વિશે



- શ્રીમતી દ્રૌપદી મુર્મૂ ઝારખંડનાં પ્રથમ મહિલા અને આદિવાસી રાજ્યપાલ હતાં.
- શ્રીમતી દ્રૌપદી મુર્મૂનો જન્મ 10 જૂન 1958ના રોજ મયૂરભંજ જિલ્લાના બૈદાપોસી ગામમાં થયો હતો.
- તેઓ સંથાલ આદિવાસી છે અને તેમના પિતા શ્રી બિરંચી નારાયણ ટુડૂ પોતાની પંચાયતના મુખી છે.
- શ્રીમતી દ્રૌપદી મુર્મૂ ઝારખંડનાં પ્રથમ મહિલા અને આદિવાસી રાજ્યપાલ હતાં.
- તેઓ ઝારખંડમાં સૌથી લાંબા સમય (છ વર્ષ કરતાં વધુ સમય) સુધી રાજ્યપાલ રહ્યાં.
- ત્યાંથી સેવાનિવૃત્તિ બાદ તેઓ પોતાના ગૃહ રાજ્ય ઓડિશાના મયૂરભંજ જિલ્લાના રાયરંગપુરમાં રહે છે. આ તેમના પૈતૃક ગામ બૈદાપોસીનું પ્રખંડ મુખ્યાલય છે.
- વર્ષ 1979માં ભુવનેશ્વરની રમાદેવી મહિલા કૉલેજથી બીએ પાસ કરનાર શ્રીમતી દ્રૌપદી મુર્મૂએ પોતાની કારકિર્દીની શરૂઆત ઓડિશા સરકાર માટે કલાર્કની નોકરીથી કરી.
- આ દરમિયાન મુર્મૂ સિંચાઈ અને ઊર્જાવિભાગમાં જુનિયર સહાયક હતાં. બાદનાં વર્ષોમાં તેઓ શિક્ષિકા પણ રહ્યાં.
- મુર્મૂએ રાયરંગપુરના શ્રી અરવિંદો ઈંટિગ્રલ ઍજ્યુકેશન ઍન્ડ રિસર્ચ સેન્ટરમાં માનદ શિક્ષક તરીકે શિક્ષણકાર્ય આરંભ્યું.
- શ્રીમતી દ્રૌપદી મુર્મૂએ પોતાની રાજકીય કારકિર્દીની શરૂઆત વૉર્ડ કાઉન્સિલર તરીકે વર્ષ 1997માં કરી હતી.
- રાયરંગપુર વિધાનસભા બેઠકથી ભાજપની ટિકિટ પર બે વખત (વર્ષ 2000 અને 2009)માં તેઓ ધારાસભ્ય બન્યાં હતાં.
- પ્રથમ વખત ધારાસભ્ય બન્યા બાદ તેઓ વર્ષ 2000થી 2004 સુધી શ્રી નવીન પટનાયકના મંત્રિમંડળમાં સ્વતંત્ર પ્રભારનાં રાજ્યમંત્રી રહ્યાં.
- વર્ષ 2015માં જ્યારે તેમને પહેલીવાર રાજ્યપાલ બનાવાયાં, ત્યારે ઠીક એના પહેલાં સુધી તેઓ મયૂરભંજ જિલ્લાનાં ભાજપ અધ્યક્ષ હતાં.
- વર્ષ 2002થી 2009 અને વર્ષ 2013થી એપ્રિલ 2015 સુધી આ મોરચાનાં રાષ્ટ્રીય કાર્યકારિણી સભ્ય રહ્યાં.
- તે બાદ તેઓ ઝારખંડનાં રાજ્યપાલ બન્યાં અને ભાજપના સક્રિય રાજકારણથી અલગ થઈ ગયાં.
- શ્રીમતી દ્રૌપદી મુર્મૂનાં લગ્ન શ્રી શ્યામચરણ મુર્મૂ સાથે થયાં પરંતુ ઓછી ઉંમરમાં જ તેમનું નિધન થઈ ગયું. તેમનાં ત્રણ સંતાનો હતાં પરંતુ તેમાં બંને દીકરાનાં મૃત્યુ પણ અસમય થયાં.
- મુર્મૂનાં દીકરી ઈતિશ્રી મુર્મૂ છે, જેઓ રાંચીમાં રહે છે. તેમનાં લગ્ન ગણેશચંદ્ર હેમ્બરમ સાથે થયાં છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## અત્યાર સુધીના ભારતના રાષ્ટ્રપતિ

- રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદની પહેલાં દેશમાં 13 રાષ્ટ્રપતિ હતા.
- ડૉ. રાજેન્દ્ર પ્રસાદ (1884-1963)
- ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન (1888-1975)
- ડૉ. ઝાકીર હુસૈન (1897-1969)
- શ્રી વરાહગિરી વેંકટગિરી (1894-1980)
- ડૉ. ફખરૂદ્દીન અલી અહમદ (1905-1977)
- શ્રી નીલમ સંજીવ રેડ્ડી (1913-1996)
- શ્રી જ્ઞાની ઝૈલસિંહ (1916-1994)
- શ્રી આર. વેંકટરમન (1910-2009)
- ડૉ. શંકરદયાલ શર્મા (1918-1999)
- શ્રી કે. આર. નારાયણન (1920 - 2005)
- ડૉ. એપીજે અબ્દુલ કલામ (1931-2015)
- શ્રીમતી પ્રતિભાદેવીસિંહ પાટિલ (જન્મ - 1934)
- શ્રી પ્રણવ મુખર્જી (1935-2020)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ICE®

## INSTITUTE FOR COMPETITIVE EXAMS

**Website**
iceonline.in

**YouTube**
icerajkot

**WhatsApp**
joinicerajkot.com

**Telegram**
t.me/icerajkotofficial.com

**Instagram**
icerajkot

**Facebook**
icerajkot

**Twitter**
icerajkot

**ICE Magic**
ICE® MAGIC
WEEKLY CURRENT AFFAIRS
Free Download

અમારી સાથે જોડાવા માટે અહીં આપેલ Social Media Icon પર Click કરો.